# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., અરણેજ ખાતે ગ્રામસેવકો માટે તાલીમોનું આયોજન

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ. અરણેજ, ખાતે અમદાવાદ જિલ્લાના વિવિધ તાલુકાના ગ્રામસેવકો માટે તાલીમોનું આયોજન આ.કૃ.યુના કુલપતિ ડો. કે. બી. કથીરિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ તાલીમમાં કુલ ૧૫૦ જેટલા ગ્રામસેવકો, વિસ્તરણ અધિકારીશ્રીઓ અને મદદ. ખેતી અધિકારીશ્રીઓને બે તબક્કામાં તા.૦૧/૦૩/૨૦૨૩ અને તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડો.કે.ડી.ગુલકરી દ્વારા પ્રાકૃતિક કૃષિના વિવિધ આયામો અંગે, મદદ. ખેતી નિયામક (કૃષિ) શ્રી રવીન્દ્ર રાઠોડ દ્વારા કૃષિ વિભાગની વિવિધ યોજનાઓ અંગે, ડો. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા જુદા જુદા રોગ-જીવાતના વ્યવસ્થાપન અંગે , શ્રી દિનેશ રંગપરા, વૈજ્ઞાનિક (કૃષિ ઈજનેરી) દ્વારા કૃષિ ઓજારો અને ઈજનેરી કૌશલ્ય અંગે, ડો. નિતિન પટેલ, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન) દ્વારા  દેશી ગાયની ઉપયોગિતા તેમજ શ્રીમતી હિના ચાવડા વૈજ્ઞાનિક (ગૃહ વિજ્ઞાન) દ્વારા પ્રાકૃતિક કૃષિના માનવ સ્વાસ્થ્ય પર થતાં સકારાત્મક ફેરફાર અને લાભો અંગે માહિતી આપી હતી.

વધુમાં પ્રગતિશીલ ખેડૂત શ્રી ગજેન્દ્રસિંહ વાઘેલા અને શ્રી મનુભાઈ પરમાર (સંયોજક, પ્રાકૃતિક ખેતી) દ્વારા  પ્રાકૃતિક કૃષિ અંગેના પોતાના અનુભવો જણાવ્યા હતા.

તાલીમ દરમ્યાન જીવામૃત અને બીજામૃતનું પધ્ધતિ નિદર્શન પણ આપવામાં આવ્યું હતું. અંતમાં, શ્રીમતી નેહાબેન શેઠવાલા પ્રોગ્રામ આસિસ્ટન્ટ (કોમ્પુટર)એ સર્વે નો આભાર વ્યક્ત કર્યો હતો.




NATURAL FARMING TRAINING



